# રાજ્યમાં કોલ્ડવેવની ચેતવણી

ગાંધીનગર, તા.૬ અમદાવાદ સહિત ગુજરાતમાં ફરી એકવાર ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે અને મોટા ભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. અમદાવાદમાં આજે ગઈકાલે નોંધાયેલા ૯.૪ ડિગ્રીની સરખામણીમાં મોટો ઘટાડો નોંધાયો હતો અને સાત ડિગ્રી તાપમાન થયુ હતુ. બીજી બાજુ ડીસામાં ૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. અમરેલીમાં ૫.૭ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયુ છે. તાપમાનમાં એકાએક ફરી ઘટાડો થયો છે. બીજી બાજુ આગામી ૩૬ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તરગુજરાતના જુદા જુદા ભાગોમાં કોલ્ડવેવ રહેવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે. રાજ્યમાં નલિયામાં સૌથી ઓછુ ૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગના કહેવા મુજબ આવતીકાલે અમદાવાદમાં તાપમાન ૭ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી કરાઈ છે. સામાન્યરીતે ઠંડા પવનો નીચલી સપાટીએ ફૂંકાઈ રહ્યા છે. દરમિયાન એકાએક જાન્યુઆરી મહિનામાં રોગચાળામાં પણ વધારો થયો છે. છેલ્લા છ દિવસના ગાળામાં ઝાડા-ઉલ્ટી, કમળા, ટાઈફોઈડ, સાદા મલેરિયા, મલેરિયાના કેસોમાં વધારો થયો છે.


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૭ | ૭ જાન્યુઆરી, ૨૦૧૪, મંગળવાર; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**લોકપ્રિય તેલુગુ અભિનેતા ઉદય કિરણે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો**



તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનાં ખૂબ જ લોકપ્રિય અભિનેતા ઉદય કિરણે તેના ફલેટમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યાકરી લીધી છે. આ બાબતે સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે જો કે આપઘાતનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. અભિનેતાએ આપઘાત કરી લેતા તેના હજારો ચાહકોમાં નિરાશા ફેલાઈ છે.

**● તામિલનાડુમાં ખુલશે ૨૦૦ નમો ટી સ્ટોલ**

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન



બનાવવાના અભિયાન અંતર્ગત નવી જ રચાયેલી રાજકીય સંસ્થા 'નમો પેરાવાઈ'એ તામિલનાડુમાં ૨૦૦ જેટલી ચ્હાની દુકાનને ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ આપવાની યોજના બનાવી છે.

**● જસ્ટ ડાયલમાં બીગ-બી નો હિસ્સો વધ્યો**

બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો સ્થાનીય સર્ચ




એન્જીન જસ્ટ ડાયલમાં રોકાણ બે ગણુ થઈને ૧૦ કરોડ સુધી પહોંચી ગયું છે. કંપનીના શેરોમાં જોરદાર તેજીથી અમિતાભ બચ્ચનનું રોકાણ વધ્યુ છે. કંપનીના રજીસ્ટ્રેશનના દિવસે એટલે કે ૫ જૂન ૨૦૧૩ના રોજ અમિતાભ બચ્ચનની પાસે ઉપલબ્ધ શેરોનું મુલ્ય ૩.૮૩ કરોડ રૂપિયા હતુ. હવે તે ૧૬૧ ટકા વધીને ૧૦ કરોડ સુધી પહોંચી ગયું છે.

# ઈ-ગ્રામની સેવાઓને જનસેવા સાથે જોડાશે

### તંત્રની પ્રજાભિમુખતાનું અનોખુ અભિયાન ગાંધીનગર જિલ્લામાં એપ્રિલથી આરંભાશે : ૧૨ જનસેવા કેમ્પસમાં પાંચ હજાર જેટલી અરજીઓનો નિકાલ કરાયો છે : ડૉ. સ્વરૂપ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આગામી નાણાંકીય વર્ષમાં ઈ.ગ્રામ કેન્દ્રોમાં જનસેવા કેન્દ્રની સેવાઓ ઓનલાઈન કરી ગ્રામાભિમુખ વહીવટની દિશામાં એક નવતર અભિયાન હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે આ અંગેનો નિર્દેશ આપતાં જણાવ્યું હતું કે જનસેવા કેન્દ્રની સેવાઓને વધુ લોકાભિમુખ બનાવવા માટે બે તબક્કામાં કામગીરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રથમ તબક્કામાં અમે ગ્રામ્ય વિસ્તારમાં જન જનસેવા કેમ્પ કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં ૧૨ જેટલા ગામોમાં આવા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. આ જનસેવા કેમ્પમાં અમે હાલ છ પ્રકારની સેવાઓ આપી રહ્યા છીએ. જેમાં આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડની સુધારણા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

એપ્રિલ માસ સુધીમાં વધુ ૧૦ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં આવા કેમ્પ યોજવામાં આવશે. ૧૨ જેટલા કેમ્પમાં ૫ હજારથી વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ સેવાઓમાં વધારો કરવાની વાત પણ હાલ તંત્રની વિચારણા છે.

તેમણે જણાવ્યુ કે બીજા તબક્કામાં અમે ઈ.ગ્રામ કેન્દ્રોમાં જનસેવા કેન્દ્રની સેવાઓ ઓનલાઈન કરવા બાબતે વિચારી રહ્યા છીએ. આ માટેની કેટલી મહત્વની જનસેવા કેન્દ્રની સેવાઓ અમે ઓનલાઈન કરી દેશુ જે અલગ તારવવામાં આવી રહી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતુ કે આના કારણે ઈ.ગ્રામ કેન્દ્રો પોષણક્ષમ બનશે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તારના લોકોને તાલુકા કે જિલ્લાની કચેરીઓ સુધી આવવું પડશે નહિ.

ડૉ. સ્વરૂપે જણાવ્યું હતું કે તંત્રને પ્રજાભિમુખ બનાવવાની દિશામાં ગાંધીનગર જિલ્લાનું આ મહત્વનું કદમ હશે. આ માટે એન.આઈ.સી. અને અન્ય અધિકારીઓ સાથે હાલ અમારી વાતચીતો ચાલી રહી છે જે ટૂંકમાં જ આખરી થઈ જશે.


● અનુસંધાન પાન-૭ પર




લ્યો...! ગાંધીનગરના પાદરે તો પોષ મહિનાના પ્રારંભે જ આંબે 'મ્હોર' આવ્યા... ગાંધીનગર તો 'મ્હોર'માંય નંબર વન....! (તસવીર : શૈલેન્દ્રસિંહ)

# મતદારયાદીમાં ડુપ્લીકેટ નામ શોધવા તાકીદ

### આગામી સપ્તાહમાં ડૉ. વિનોદ ઝુત્સી ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતાઓ

ગાંધીનગર, તા. ૬

૨૮ વર્ષથી વધુ વયના મતદારોની નવી નોંધણીમાં વેરીફીકેશન કરવા તેમજ એક સરખા નામ ધરાવતા લોકોના નામોની ચકાસણી કરવા અને ડુપ્લીકેટ ચૂંટણી ઓળખકાર્ડની તપાસ કરવા માટે આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી અનિતા કરવાલે જિલ્લાના તંત્રોને તાકીદ કરી છે.

આજે પ્રસિદ્ધ થનાર મતદારયાદી પર પંચે લગાવેલી રોક બાદ અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ યોજી તેમણે આ અંગે તાકીદ કરી હતી અને આગામી એક પખવાડિયામાં આ કામગીરી પૂર્ણ કરવા માટે જણાવ્યું છે.

મતદારયાદી શુધ્ધ અને અણિશુધ્ધ બને તે માટે પંચ આ વખતે અત્યંત આગ્રહી બન્યુ છે તેમજ નવા મતદારો નોંધણીની ઝુંબેશમાં વંચિત ના રહે તે જોવા જણાવ્યું છે.

એક સરખા નામ ધરાવતા મતદારોને શોધી અને તે અંગે તપાસ કરવા માટે એક ખાસ સોફટવેર પણ પંચે તૈયાર કર્યુ છે તેનો ઉપીયોગ કરી આવા મતદારોને શોધી તેમનું વેરિફિકેશન કરવા પર ભાર મુકવામાં આવ્યો છે.

પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મતદારયાદી


● અનુસંધાન પાન-૭ પર


# ગાંધીનગરમાં પુનઃ શીતલહેર : ૭.૮ ડિગ્રી

### સાંજ પડતા જ પારો ગગડે છે : ભારે ઠંડીની જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૬

છેલ્લા બે દિવસથી ઠંડી વધી રહી છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી રહ્યા બાદ આજે તેમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થતા લઘુત્તમ તાપમાન ૭.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જાન્યુઆરી માસની શરૂઆતમાં જ તાપમાન ખુબ નીચે જતા જનજીવન પર ઠંડીની ઘેરી અસર જોવા મળી રહી છે.

હાલમાં પવન સાવ બંધ થઈ ગયો છે પરંતુ ઠંડી વધુ પડી રહી છે. દિવસ દરમ્યાન તો તડકાના કારણે ઠંડીની અસર ઓછી જોવા મળે છે. પરંતુ સુર્યાસ્ત થતા જ લઘુત્તમ તાપમાન ઘટવા લાગે છે. આખી રાત ઠાર પડતા લઘુત્તમ તાપમાન ઘટે છે. ગઈકાલે પણ તાપમાન ૭.૮ ડિ.સે. સુધી પહોંચી જતા નગરજનો ઠંડીમાં ઠુઠવાયા હતા. વહેલી સવારે પણ ઠંડીની અસર રહેતા માર્ગોપર અવરજવર સાવ ઓછી જોવા મળી હતી. સવારની પાળીમાં શાળાએ જતાં બાળકો ઠંડીમાં ઠીંગરાયા હતા. જેકેટ, સ્વેટર ઉપરાંત હાથ મોજા, ટોપી અને મો પર રૂમાલ બાંધીને વિદ્યાર્થીઓ ઠંડીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

કાતીલ ઠંડીનો નવેસરથી રાઉન્ડ શરૂ થયો છે. વાદળો વિખેરાતા ઠંડી બમણા જોરથી ત્રાટકી હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ભારત અને કાશામીરમાં નવેસરથી હીમ વર્ષા થતા ગુજરાત અને રાજસ્થાનના ભાગોમાં તેની સીધી જ અસર જોવા મળી રહી છે. લઘુત્તમ તાપમાન ઉપરાંત મહત્તમ તાપમાન ઘટતા દિવસે પણ ખુબ ઠંડી અનુભવાય છે. આજે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. નોંધાયું હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૭ ટકા અને સાંજે ૨૭ ટકા રહ્યું હતું.

**ક્યાં કેટલુ તાપમાન**

| શહેર | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલીયા | ૬ |
| ડીસા | ૬ |
| અમરેલી | ૬ |
| મહુવા | ૭ |
| અમદાવાદ | ૭ |
| ગાંધીનગર | ૭.૮ |
| વલસાડ | ૮ |
| રાજકોટ | ૮ |
| વડોદરા | ૧૦ |

# સેક્ટર-૭ પોલીસનો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ફરિયાદ દાખલ કરવાનો ઈન્કાર





(તસવીર : દિપક જાની)

### સમગ્ર રાજ્યને હચમચાવી મુકનાર જાસુસી કાંડ મામલે સસ્પેન્ડ આઈએએસ અધિકારી પ્રદિપકુમાર શર્માની ફરિયાદ સ્વીકારવાના ઈન્કારથી નવો વિવાદ

ગાંધીનગર, તા.૬

જાસૂસી કાંડના સંબંધમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના નજીકના સાથી અમિતશાહ અને અન્યો સામે એફઆઈઆર દાખલ કરવાનો ગુજરાત પોલીસે આજે ઈન્કાર કર્યો હતો. નરેન્દ્ર મોદી, રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અમિતશાહ સામે સસ્પેન્ડ કરવામાં આવેલા આઈએએસ અધિકારી પ્રદિપકુમાર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદનો સ્વીકારવાનો એક પોલીસ અધિકારીએ ઈન્કાર કરતા ભારે ચર્ચા થઈ હતી. પ્રદિપકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે તેઓ આ કેસના સંબંધમાં મોદી અને અમિત શાહ સામે તેમની ફરિયાદ દાખલ કરાવવા આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા. પરંતુ તેમની ફરિયાદ નોંધ લેવામાં આવી ન હતી. તેમણે


● અનુસંધાન પાન-૭ પર



## ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!

ધો. 12 પાસ થી ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે સોનેરી તક

વર્ષ 2014 માં 36000+ થી વધુ (વર્ગ 1/2/3)ની ભરતી!

90% થી વધુ પ્રશ્નો પૂછાવાની ગેરંટી પૂર્વકનું શિક્ષણ

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

**કોર્ષની વિશેષતાઓ**

વર્ગ 1/2ની (પ્રિલિમ માટે જ) Dy.S.P. / DC / મામલતદાર / TDO
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૬ માસ)
- Ph.D. કક્ષાના પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ
- તમામ વિષય, ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ
- હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષ
- અંગ્રેજી / ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- વર્ષ 2006-07 માં 98.2 (P/M/I) પરીણામ

વર્ગ-3 માં તલાટી / કલાર્ક / PSI / કોન્સ્ટેબલ
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૫ માસ)
- ગુજરાતી, અંગ્રેજી, ગણિત, બુદ્ધિ ચાતુર્ય કસોટી, GS, કોમ્પ્યુટરનું સંપૂર્ણ જ્ઞાન
- વર્ણાત્મક, હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષણ
- અંગ્રેજી, ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- PSI/કોન્સ્ટેબલ માટે કાયદા નું વિશેષ શિક્ષણ

સંપૂર્ણ સાહિત્ય ફ્રી સાથેનો કોર્ષ

ENGLISH : Dr. U. Pandit (Ph.D.)
GUJARATI : Dr. N. Rana (Ph.D.) / N. Gajjar (M.Phil)
MATHS/REASONING : Mr. C. Prajapati / Mr. M. Patel
GS (સામાન્ય જ્ઞાન) : Mr. Mukesh Patel (CMD)
અન્ય પુનરાવર્તન માટે સહાયકો (ટેસ્ટ પરીક્ષણ માટે ખાસ) : Dr. B. Patel (Ph.D.), Mr. A. Patel (M.Pharm), Mr. G. Prajapati (M.Phil)

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

તા. 15-1-2014 થી નીચેની ફી લાગુ પડશે

**વર્ગ (1/2) Dy.S.P. / DC / મામલતદાર / TDO** — ફી ₹ 41,000/-

| ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 18.1.2014 | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ | 19.1.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |
| 23.1.2014 | સવારના 6-30 થી 8-00 | સોમ થી ગુરૂ | 15.2.2014 | સવારના 6-30 થી 8-00 | શનિ થી મંગળ |
| 13.2.2014 | સાંજના 7-00 થી 8-30 | સોમ થી ગુરૂ | | | |

**PSI ગાંધીનગર માટે ફક્ત** — ફી માત્ર ₹ 36,000/-

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 23.1.2014 | સાંજના 4-45 થી 6-45 | સોમ થી શુક્ર |

**વર્ગ-3 (માસ્ટર કોર્ષ) તલાટી / કલાર્ક / કોન્સ્ટેબલ** — ફી ₹ 28,000/-

| મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 21.1.2014 | બપોરના 2-00 થી 4-00 | સોમ થી મંગળ | 20.1.2014 | બપોરના 1-30 થી 3-00 | સોમ થી શુક્ર |
| 11.2.2014 | સાંજના 4-00 થી 6-00 | શનિ થી મંગળ | 09.2.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |

**TCCI EDUCATION PVT. LTD.**

૧૯ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....

ગાંધીનગર - 9537614606, 9537546886
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 4.30)

મહેસાણા - 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી 4)